| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૩/૨૦૨૧ | | |
| નોંધણી તારીખ | ૦૩/૦૩/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૫ | ૦૦ | ૧૫ |

## <u>મે. કડીના એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ – કડી.</u>

| | | | | | |
|---|---|---|---|---|---|
| <u>ક્રીમીનલ કેસ નંબર.</u> | ► | ૧૫૧/૨૦૨૩ | <u>આંક</u> | ► | |

| ફરીયાદી. | | આરોપી. |
|---|---|---|
| શ્રી.<br>સરકાર. | <u>વિરૂધ્ધ</u> | (૧) **પટેલ નંદલાલ વાસુદેવભાઈ, ..*(એબેટ)***<br>રહે. નાનીકડી ૮૦/અયોધ્યા ધામ,<br>મૂળ રહે. મણીપુર, તા.કડી, જી.મહેસાણા,<br>(૨) **પટેલ રાકેશભાઈ ઉર્ફે રાજધાન મનુભાઈ,**<br>રહે. નાનીકડી એ/૩૩ કૌશલ્ય બંગ્લોઝ,<br>તા.કડી, જી.મહેસાણા,<br>(૩) **પટેલ કલ્પીત ઉર્ફે ભોટીયો**<br>ઘનશ્યામભાઈ કાશીરામદાસ,<br>રહે. નાનીકડી ૨૦/શુલભ સોસાયટી,<br>તા.કડી, જી.મહેસાણા,<br>(૪) **પટેલ પુનીત રામચંદ્રભાઈ વાસુદેવ,**<br>રહે. નાનીકડી એ–૩૩/સંતરામ વાટીકા,<br>સંતરામ સીટી, મૂળ રહે. મણીપુર,<br>તા.કડી, જી.મહેસાણા,<br>(૫) **પટેલ પ્રદીપભાઈ ઉર્ફે જય**<br>ભગવાન કરશનભાઈ,<br>રહે. કડી ૧૬/અનમોલ વિલા બંગ્લોઝ,<br>તા.કડી, જી.મહેસાણા |

| | | |
|---|---|---|
| <u>ગુન્હો</u>. | ⇨ | <u>ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો</u>... |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી. | જે.કે.ઓઝા. |
| આરોપી પક્ષ... તરફે. | વિ.વકીલ શ્રી. | એ.કે.પટેલ. |

## // ચુ કા દો //

(૧) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓમાં આરોપી નં.૧ ની દિકરી તથા ફરિયાદીના ફોરઈના દિકરા વચ્ચે પ્રેમસંબંધ થતા ભાગી ગયેલ રહેલ હોય જે બાબતે મનદુખ થયેલ હોય જેના સમાધાન માટે તહોમતદારોએ સાહેદ નં.૧૦ ને તા.૨૧/૧૦/૨૦ ના રાત્રી ક.૧૧/૦૦ વાગે ટેલીફોન કરી કડી હાઈવે ત્રણ રસ્તા બોલાવતા સાહેદ નં.૧૦ હાઈવે ત્રણ રસ્તા જતા ત્યારબાદ ફરીયાદીએ તેના પિતા સાહેદ નં.૧૦ ના સમાચાર જાણવા સારૂ મોબાઈલ ઉપર ફોન કરતા બીજા માણસે ફોન ઉપાડી ફરીયાદીને કહેલ કે, તને તથા તારા ભાઈને તથા તારા પિતાને મારવાના છે તમે હાઈવે આવી જાઓ તેમ કહેતા ફરીયાદી તથા સાહેદ નં.૧૧ કડી હાઈવે ત્રણ રસ્તા જતા તહોમતદારો ભેગા મળી સાહેદ નં.૧૦ ને ગડદાપાટુનો માર મારતા હોય તે વખતે તહો.નં.૧ સાથે સાથે બીજા પચ્ચાસથી વધુ માણસો હાજર હોઈ અને તેઓ ગાળો બોલતા હોઈ ફરીયાદી તથા સાહેદ નં.૧૧ વચ્ચે પડી સાહેદ નં.૧૦ ને વધુ મારમાંથી છોડાવેલા અને સમાધાનની વાત કરી ફરીયાદી તથા સાહેદો ઘરે જવા નીકળતા ગાડીમાં બેસવા જતા તહોમતદારોએ ગે.કા. મંડળી રચી એકસંપ થઇ આવી હાથમાં હથીયારો ધારણ કરી ફરીયાદીને તહો.નં.૨ નાએ તેના હાથમાની લોખંડની પાઈપ માથાના ભાગે મારી ઈજા કરી તેમજ તહો.નં.૩ નાએ તેના હાથમાનો ધોકો ફરીયાદીને બરડામાં મારી ઈજા કરી તેમજ તહો.નં.૧ નાએ તેના હાથમાંની છરી સાહેદ નં.૧૧ ને જમણા ખભાના પાછળના ભાગે મારી તેમજ તહો.નં.૪ નાએ તેના હાથમાનો ધોકો સાહેદ નં.૧૧ ને છાતીના ભાગે મારી

ઈજાઓ કરી તેમજ બીજા હાજર તહોમતદારોએ મારોમારો કહી ઉશ્કેરણી કરી સાહેદ નં.૧૦ નો સોનાનો દોરો આશરે સાડા ત્રણ તોલાનો કિ.રૂા.૧,૪૦,૦૦૦/– નો ઝપાઝપી દરમ્યાન પડી જઈ સાહેદને નુકસાન કરી તેમજ તહો.નં.૫ નાએ ફરી.ને તા.૨૦/૧૦/૨૦ ના રોજ ફોન કરી છોકરી પાછી લાવી આપો નહીતર તમને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપી મે.જીલ્લા મેજી.સા.ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી નાસી જઈ ગુનો કરેલો. આમ, આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે કડી પોલીસે આરોપી સામે કડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૧૨૫/૨૦૨૦ થી ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સારૂ તપાસ કરનાર અમલદારને સુપ્રત કરેલ જે બાદ તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી લઈ આરોપીને અટક કરી મુદત અંદર કોર્ટમાં રજુ કરી આરોપી સામે પૂરતો પુરાવો હોઈ સદર ગુનાનુ ચાર્જસીટ રજુ થતાં સદર ચાર્જસીટ આખરી નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરતો હુકમ કરેલ જે આધારે હાલના ગુનાનુ કોગ્નીજન્સ લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ.

(૩) ઉપરોકત ગુનાની ફરિયાદના સંદર્ભમાં આ કામના આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓને તેઓની સામેના ગુના અંગેની સમજ આપી આંક–૪ થી તેમની સામે તહોમતનામુ ફરમાવી, આંક–૫ થી આંક–૯ માં ગુના અંગેની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલો, જેથી આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે

મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૩ | પંચ સાહેદ પટેલ હર્ષકુમાર શાન્તીલાલની જુબાની |
| ૨ | ૩૪ | પંચનામાની ખરી નકલ |
| ૩ | ૫૨ | ફરિયાદી પટેલ વિશાલ ભીખાભાઈની જુબાની |
| ૪ | ૫૩ | ફરિયાદ |
| ૫ | ૫૪ | સાહેદ પટેલ કિશનકુમાર ભીખાભાઈની જુબાની |
| ૬ | ૫૫ | સાહેદ પટેલ ભીખાભાઈ કાળીદાસની જુબાની |
| ૭ | ૫૬ | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| ૮ | ૫૭ | લાકડાના ધોકાના પંચનામાની ખરી નકલ |
| ૯ | ૫૮ | ફરિયાદીના શર્ટના પંચનામાની ખરી નકલ |
| ૧૦ | ૫૯ | મારક હથિયારના પંચનામાની ખરી નકલ |
| ૧૧ | ૬૦,૬૧ | મેડીકલ સર્ટીફીકેટની ખરી નકલ |
| ૧૨ | ૬૨ | જાહેરનામાની ખરી નકલ |

(૫) ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ ફરિયાદીએ આંક–૬૩ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. પુરાવાના અંતે આરોપીઓનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો પડતો ના હોઈ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૬) આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપીઓ પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૭) આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

(૧).. શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓમાં આરોપી નં.૧ ની દિકરી તથા ફરિયાદીના ફોરઈના દિકરા વચ્ચે પ્રેમસંબંધ થતા ભાગી ગયેલ રહેલ હોય જે બાબતે મનદુખ થયેલ હોય જેના

સમાધાન માટે તહોમતદારોએ સાહેદ નં.૧૦ ને તા.૨૧/૧૦/૨૦ ના રાત્રી ક.૧૧/૦૦ વાગે ટેલીફોન કરી કડી હાઇવે ત્રણ રસ્તા બોલાવતા સાહેદ નં.૧૦ હાઇવે ત્રણ રસ્તા જતા ત્યારબાદ ફરીયાદીએ તેના પિતા સાહેદ નં.૧૦ ના સમાચાર જાણવા સારૂ મોબાઇલ ઉપર ફોન કરતા બીજા માણસે ફોન ઉપાડી ફરીયાદીને કહેલ કે, તને તથા તારા ભાઇને તથા તારા પિતાને મારવાના છે તમે હાઇવે આવી જાઓ તેમ કહેતા ફરીયાદી તથા સાહેદ નં.૧૧ કડી હાઇવે ત્રણ રસ્તા જતા તહોમતદારો ભેગા મળી સાહેદ નં.૧૦ ને ગડદાપાટુનો માર મારતા હોય તે વખતે તહો.નં.૧ સાથે સાથે બીજા પચ્ચાસથી વધુ માણસો હાજર હોઇ અને તેઓ ગાળો બોલતા હોઇ ફરીયાદી તથા સાહેદ નં.૧૧ વચ્ચે પડી સાહેદ નં.૧૦ ને વધુ મારમાંથી છોડાવેલા અને સમાધાનની વાત કરી ફરીયાદી તથા સાહેદો ઘરે જવા નીકળતા ગાડીમાં બેસવા જતા તહોમતદારોએ ગે.કા. મંડળી રચી એકસંપ થઇ આવી હાથમાં હથીયારો ધારણ કરી ફરીયાદીને તહો.નં.૨ નાએ તેના હાથમાની લોખંડની પાઇપ માથાના ભાગે મારી ઇજા કરી તેમજ તહો.નં.૩ નાએ તેના હાથમાનો ધોકો ફરીયાદીને બરડામાં મારી ઇજા કરી તેમજ તહો.નં.૧ નાએ તેના હાથમાંની છરી સાહેદ નં.૧૧ ને જમણા ખભાના પાછળના ભાગે મારી તેમજ તહો.નં.૪ નાએ તેના હાથમાનો ધોકો સાહેદ નં.૧૧ ને છાતીના ભાગે મારી ઇજાઓ કરી તેમજ બીજા હાજર તહોમતદારોએ મારોમારો કહી ઉશ્કેરણી કરી સાહેદ નં.૧૦ નો સોનાનો દોરો આશરે સાડા ત્રણ તોલાનો કિ.રૂા.૧,૪૦,૦૦૦/- નો ઝપાઝપી દરમ્યાન પડી જઇ સાહેદને નુકસાન કરી તેમજ તહો.નં.૫ નાએ ફરી.ને તા.૨૦/૧૦/૨૦ ના રોજ ફોન કરી છોકરી પાછી લાવી આપો નહીતર તમને જાનથી મારી નાખીશુ તેવી

ધમકીઓ આપી મે.જીલ્લા મેજી.સા.ના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી નાસી જઇ ઈ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

(૨). શું હુકમ?

(૭.૧)ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે.

(૧). નકારમાં.
(૨). આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**<u>મુદ્દા નં.૧-</u>**

(૮) ન્યાયશાસ્ત્ર મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપીઓ દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપીઓ નિર્દોષ છે તેવુ આરોપીઓએ પુરવાર કરવાનુ હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદ્દમામાં આરોપીઓએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીઓને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્રારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનુ ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઇ પણ સ્થાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મુલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ-૩ માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ

સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરી ફરીયાદપક્ષ આરોપીઓ સામેના તહોમત કે તે પૈકીનું કોઇ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૯) ફરીયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપ મુજબનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૨ થી ફરિયાદી પટેલ વિશાલ ભીખાભાઈને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે પાચેક વર્ષ પહેલા બનેલો. તેઓના ફોઈના દિકરા આશીષે કડી મુકામે રહેતા પટેલ નંદુભાઈની દિકરી શિવાની સાથે પ્રેમસંબંધ હોય કયાક જતા રહેલા જે બાબતની અદાવત રાખી આ કામના આરોપીઓએ તેઓને સમાધાન કરવાનુ કહી કડી હાઈવે ઉપર બોલાવેલા જ્યાં સામાન્ય બોલાચાલી થયેલી અને ધકકા મુકકીમા પડી જવાથી તેઓને તથા તેઓના ભાઈ કિશનને શરીર ઉપર નાની મોટી ઈજાઓ થયેલી અને તેઓએ ઉશ્કેરાટમાં આવી જઈ આરોપીઓ વિરુધ્ધ કડી પો.સ્ટે.મા ફરીયાદ આપેલી જે ફરીયાદની ખરી નકલમા ફરીયાદી તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક–૫૩ થી રજૂ કરેલ છે. સદર ફરિયાદી ફરિયાદની હકીકતોને સમર્થનકારક પુરાવો આપતા ના હોઈ, સદર ફરિયાદી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા પછી પણ ફરિયાદ પક્ષના કેસને કોઈ સમર્થન આપેલ નથી.

ત્યારબાદ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે હવે કોઈ તકરાર રહેતી નથી તેમજ આરોપીઓએ તેઓને કોઈ ગાળો બોલેલી નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી તેમજ તેઓને તથા તેઓના ભાઈ કિશનને ધક્કા મુક્કીમાં પડી જવાથી ઈજા થયેલી.

(૯.૧) આ કામે આંક–૩૩ થી પંચ સાહેદ પટેલ હર્ષકુમાર શાન્તીલાલ નાઓને તપાસતા તેઓએ આંક–૩૪ થી રજૂ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર

સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તૈયાર પંચનામામાં તેમની સહીઓ લીધેલાની હકીકત જણાવેલ છે અને આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે તેનો ઈન્કાર કરેલ છે. આમ, સદર પંચ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોઈ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. સદર પંચની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે, તેમાં તેઓએ કબુલ રાખેલ છે કે, મેં તૈયાર પંચનામામાં સહી કરેલી શું લખેલુ તેની તેઓને ખબર નથી.

(૯.૨) વધુમાં, ફરિયાદપક્ષે આંક–૫૪ થી સાહેદ પટેલ કિશનકુમાર ભીખાભાઈ તથા આંક–૫૫ થી સાહેદ પટેલ ભીખાભાઈ કાળીદાસ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ કામના તમામ સાહેદો તેમના પુરાવામાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે. બચાવપક્ષે સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે હવે કોઈ તકરાર રહેતી નથી તેમજ આરોપીઓએ તેઓને કોઈ ગાળો બોલેલી નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી તેમજ વિશાલને તથા કિશનને ધક્કા મુક્કીમાં પડી જવાથી ઈજા થયેલી.

(૧૦) આ કામે બચાવપક્ષની સંમતીથી આંક–૫૬ થી ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ, આંક–૫૭ થી લાકડાના ધોકાના પંચનામાની ખરી નકલ, આંક–૫૮ થી ફરિયાદીના શર્ટના પંચનામાની ખરી નકલ, આંક–૫૯ થી મારક હથિયારના પંચનામાની ખરી નકલ, આંક–૬૦ તથા આંક–૬૧ થી મેડીકલ સર્ટીફીકેટની ખરી નકલ, આંક–૬૨ થી જાહેરનામાની ખરી નકલ રજુ થયેલ છે, પરંતુ ફરિયાદપક્ષ દ્વારા સદર પંચનામાના પંચ સાહેદોને તપાસી તેના કન્ટેઈન્સ પુરવાર કરેલ નથી. સ્થાપિત ચૂકાદાના સિધ્ધાંતો મુજબ બચાવપક્ષની સંમતિથી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા સક્ષમ સાહેદો તપાસી તેના કન્ટેઈન્સ પુરવાર કરવા જોઈએ જે રજુ કરવા માત્રથી સાબિત માની શકાય નહી. આમ, સદર દસ્તાવેજી

પુરાવો પણ આ કામના આરોપીઓને તેમની સામેના ગુના સાથે સાંકળવા મદદરૂપ નીવડે તેમ નથી.

## પુરાવાનું મુલ્યાંકન

(૧૧) આ સિવાય ફરીયાદપક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આ કામે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે સૌથી મહત્વનો પુરાવો ફરીયાદીનો રહેલો છે. તેઓએ તેમની સરતપાસ દરમિયાન આંક–૫૩ થી રજુ થયેલ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપતો પુરાવો રજુ કરેલ નથી અને હોસ્ટાઇલ જાહેર થયેલ છે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી તેમજ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે હવે કોઈ તકરાર રહેતી નથી તેમજ આરોપીઓએ તેઓને કોઈ ગાળો બોલેલી નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી તેમજ તેઓને તથા તેઓના ભાઈ કિશનને ધક્કા મુક્કીમાં પડી જવાથી ઈજા થયેલ હોવાનું સ્વીકારેલ છે, ત્યારે ફરીયાદીની જુબાની આધારે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો સબળ પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેમજ અન્ય સાહેદો તથા પંચ સાહેદ પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય તેમને ફરી ગયેલા જાહેર કરેલા છે. આમ, તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષનો પુરાવો સાતત્યભર્યો અને વિશ્વાસજન્ય જણાતો નથી. સાથે સાથે ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત અસંખ્ય ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવો જોઇએ. શંકા એ શંકા છે તે પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપો ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ

કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

- આ કામના આરોપી નં.(૨) પટેલ રાકેશભાઈ ઉર્ફે રાજધાન મનુભાઈ, રહે. નાનીકડી એ/૩૩ કૌશલ્ય બંગ્લોઝ, તા.કડી, જી.મહેસાણા, (૩) પટેલ કલ્પીત ઉર્ફે ભોટીયો ઘનશ્યામભાઈ કાશીરામદાસ, રહે. નાનીકડી ૨૦/શુલભ સોસાયટી, તા.કડી, જી.મહેસાણા, (૪) પટેલ પુનીત રામચંદ્રભાઈ વાસુદેવ, રહે. નાનીકડી એ–૩૩/સંતરામ વાટીકા, સંતરામ સીટી, મૂળ રહે. મણીપુર, તા.કડી, જી.મહેસાણા, (૫) પટેલ પ્રદીપભાઈ ઉર્ફે જય ભગવાન કરશનભાઈ, રહે. કડી ૧૬/અનમોલ વિલા બંગ્લોઝ, તા.કડી, જી.મહેસાણા નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૪૦૩ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- હાલના કામે જો અપીલ થાય તો પ્રત્યેક આરોપીએ એપેલટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ ૪૩૭(અ) મુજબ અપિલ સમય સુધીના રૂપિયા ૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ રોજ તારીખ ૧૮મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ– ૧૮–૦૩–૨૦૨૬
સ્થળ – કડી

**(રામકુમાર આર્ય)**
એડી. ચીફ જ્યુડી. મેજી., કડી.
કોડ નં. જીજે–૦૧૩૨૪